GJGS030004942026

દાખલ તારીખ : ૦૬/૦૭/૨૦૨૬
નોંધ્યા તારીખ : ૦૬/૦૭/૨૦૨૬
ફેસલ તારીખ : ૧૪/૦૭/૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૦ ૦૦ ૦૮

**ગીર સોમનાથ જિલ્લાના મ્હે.ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુ. ઉના, જી. ગીર સોમનાથ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૫૦/૨૦૨૬**

---

**અરજદાર :–** કાજલબેન ઉર્ફે કાજલબેન હિન્દુસ્તાની
વા/ઓ જવલંતભાઇ નરેન્દ્રભાઇ શીંગાળા,
રહે.૪૦૨, અમર રેસીડેન્સ, આદર્શ હેલ્થકેર પાસે,
વાલ્કેશ્વરી નગરી, જામનગર, તા.જી.જામનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા :–** સ્ટેટ ઓફ ગુજરાત,
સમન્સ થ્રુ એ.પી.પી.શ્રી,
ઉના.

**ગુન્હો :– ઇ.પી.કોડ કલમ–૧૫૩(એ), ૨૯૫(એ), ૫૦૫ મુજબ**

**ઉના પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૮૨૩૦૫૧૬/૨૦૨૩**
**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩(૧)(બી) અન્વયે**

---

**અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી આર.એ.પરમાર**
**સામાવાળા તરફે વિધ્વાન વિ.ડી.પી.પી.શ્રી કે.ડી.વાળા**

---

**–|| આંક–૧ લગત હુકમ ||–**

(૧) હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩(૧)(બી) અન્વયે અરજદારે ઉના પોલીસ સ્ટેશન, ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૩૦૫૧૬/૨૦૨૩ થી આઇ.પી.સી. કલમ–૧૫૩(એ), ૨૯૫(એ), ૫૦૫ મુજબના ગુન્હા સબબ કરવામાં આવેલ ફો.પ.અ.નં. ૮૪/૨૦૨૬ ના કામે શરતમાં મોડીફીકેશન કરવા માટે આપેલ છે.

(૨) આ અરજીની નોટીસની સામાવાળાને બજવણી કરવામાં આવતા સરકારપક્ષે વિધ્વાન ડી.પી.પી.શ્રી કે.ડી.વાળા હાજર રહેલ છે અને તપાસ કરનાર અધિકારીએ હાલની અરજીની વિરૂદ્ધમાં આંક–૦૪ થી સોગંદનામુ રજુ કરેલ છે તેમજ પોલીસ તપાસના કાગળો રજુ રાખેલ છે.

(૩) અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી આર.એ.પરમારની રજુઆત છે કે, અરજદારે હાલની અરજી નામદાર કોર્ટે તા.૧૨/૦૫/૨૦૨૬ ના રોજ ફો.પ.અ.નં.૮૪/૨૦૨૬ ના કામે ફરમાવેલ હુકમની શરતમાં મોડીફીકેશન કરવા રજુ કરેલ છે, જે શરત નં.૩ મુજબ અરજદારને તા.૧૧/૦૮/૨૦૨૬ સુધી તેમનો પાસપોર્ટ પરત આપવાનો હુકમ કરવામાં આવેલો હતો. અરજદારને વિદેશ પ્રવાસ માટે વધુ સમય માટે પાસપોર્ટની જરુરીયાત હોય જેથી તા.૨૮/૦૮/૨૦૨૬ સુધી પાસપોર્ટ પરત કરવાની અવધી લંબાવી આપવા અરજ કરેલ છે. અરજદારે નામદાર કોર્ટ ધ્વારા ફરમાવેલી શરતોનું અગાઉ પણ પાલન કરેલ છે અને હજુ પણ પાલન કરશે. અરજદારનો કોઇ ગુનાહિત ભુતકાળ નથી. અરજદાર ભારતના કાયમી નાગરીક છે. જેથી હાલની અરજીમાં જણાવેલ દાદ આપવા યોગ્ય તે હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) સામાવાળા શ્રી સરકાર તરફે વિ. ડી.પી.પી.શ્રી કે.ડી.વાળાની રજુઆત છે કે, અરજદાર/આરોપીએ ફો.પ.અ.નં. ૮૪/૨૦૨૬ ના હુકમમાં ફરમાવવામાં આવેલ શરતોમાં મોડીફીકેશન કરવા અરજ કરેલ છે, પરંતુ હજુ હાલના તબકકે તપાસ ચાલુ હોય અરજદારને પાસપોર્ટ પરત કરવાની અવધી લંબાવી આપવામાં આવશે તો અરજદાર બહારના જીલ્લાના હોય ટ્રાયલ

દરમ્યાન હાજર નહી રહે અને ટ્રાયલમાં વિલંબ થવાની શકયતાઓ રહેલી છે તેમજ કાયમી ધોરણે નાસીભાગી જવાની શકયતાઓ રહેલી છે. જેથી અરજદારની હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૫) બંને પક્ષોને સાંભળ્યા. અરજી હકીકત વંચાણે લીધી. સદર કામે અરજદારે અગાઉ પાસપોર્ટ પરત મેળવવા તથા વિદેશ પ્રવાસે જવા માટે પરવાનગી માગેલી, જે ફોજદારી પરચુરણ અરજી નં. ૮૪-૨૦૨૬ ની અમારા પુરોગામી ન્યાયધીશશ્રી દ્વારા ગ્રાહય રાખવામાં આવેલ તેમજ તા. ૧૧-૦૮-૨૦૨૬ સુધી પાસપોર્ટ પરત આપવા તથા વિદેશ પ્રવાસ કરવા પરવાનગી આપવામાં આવેલ છે. રેકર્ડ ધ્યાને લેતા અગાઉ પણ અરજદારને આવી પરવાનગી આપવામાં આવેલ છે અને અરજદારે કોઇ શરતનો ભંગ કરેલ હોય તેવી હકિકત રેકર્ડ ઉપર આવેલ નથી. હાલની અરજીના માધ્યમથી અરજદાર દ્વારા પાસપોર્ટની કસ્ટડી તથા વિદેશ પ્રવાસની અવધી માત્ર પંદર દિવસ વધારી આપવાની દાદ માગેલ છે. આમ, રેકર્ડ તથા રજૂઆત ધ્યાને લેવામાં આવે તો માત્ર પંદર દિવસ માટે પાસપોર્ટ રીટેઇન કરવાની તથા વિદેશ પ્રવાસની અવધી લંબાવી આપવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને કોઇ પ્રિજયુડાઇસ થાય તેમ જણાઇ આવતું નથી અને તેથી હાલની અરજી ગ્રાહય રાખવી યોગ્ય અને ન્યાયી જણાય છે અને તેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-:: આખરી હુકમ ::-**

**૧.** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૪૮૩(૧)(બી) અન્વયેની હાલના અરજદારની અરજી **"મંજુર"** કરવામાં આવે છે.

**૨.** અરજદારે રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા) વચગાળાના ડીપોઝીટ પેટે ભર્યેથી ફો.પ.અ.નં.૮૪/૨૦૨૬ માં ફરમાવેલ શરત નં.૩ ના અમલમાં હુકમ તારીખથી તા.૨૮/૦૮/૨૦૨૬ સુધી રાહત આપવામાં આવે છે. અરજદારે અગાઉ ડીપોઝીટ કરેલ રકમ જો કોર્ટમાં જમા હોય તો તેને આ હુકમની

ડીપોઝીટ ગણવા અરજદારે પુરસીસથી જાહેરાત કરવી.

૩. અરજદારે અરજીમાં જણાવેલ વિદેશ પ્રવાસ સંબંધી તા.૧૧/૦૮/૨૦૨૬ થી તા.૨૮/૦૮/૨૦૨૬ સુધી અરજદારને આપવામાં આવેલ તેમનો પાસપોર્ટ તેઓની પાસે રાખવા તેમજ વિદેશ પ્રવાસ લંબાવવા પરવાનગી આપવામાં આવે છે.

૪. અરજદારે વિદેશમાં જે જગ્યાએ રોકાણ કરવાના હોય ત્યાંનું સરનામુ, તેમજ મોબાઈલ નંબર/લેન્ડલાઈન ટેલીફોન નંબર વિગેરે તમામ જુરુરી વિગતો ટ્રાયલ કોર્ટ સમક્ષ સોગંદનામુ કરી રજુ કરવા.

૫. અરજદારે વિદેશ પ્રવાસેથી પરત ફર્યેથી વિ.ટ્રાયલ કોર્ટને જાણ કરવી અને દિન–૩ માં પોતાનો પાસપોર્ટ વિ.ટ્રાયલ કોર્ટ સમક્ષ સરન્ડર કરવાનો રહેશે.

૬. અદાલતે ફરમાવેલ તમામ શરતોનું અરજદારે પાલન કરેલ હશે તો અરજદારે જમા કરાવેલ ડીપોઝીટ અરજદારને ખરાઈ કરી પરત કરવી, પરંતુ ઉપરોકત જણાવેલ કોઈપણ શરતનો ભંગ થયેથી અરજદારે જમા કરાવેલ ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૭. હુકમની અમલ બજવણી સારૂ યાદી નાઝીરશ્રી, રજીસ્ટ્રારશ્રી તથા સંબંધીત કોર્ટ તથા પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ તારીખ–૧૪ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૭/૨૦૨૬
સ્થળઃ– ઉના.

(એસ.એમ.ગોવાણી)
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
ગીર સોમનાથ એટ ઉના,
કોડ નં. જીજે. ૦૦૯૧૮.